રજુ તારીખ : ૧૨/૦૨/૨૦૨૬
દાખલ તારીખ : ૧૨/૦૨/૨૦૨૬
ફેંસલ તારીખ : ૧૩/૦૩/૨૦૨૬
અવધિ : <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u>
૦૦ ૦૧ ૦૧

**આંક–** ૦૭

---

**ભાવનગરના મે.૩'જા એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૨૯૩/૨૦૨૬**

---

**અરજદાર – હસમુખભાઈ વાલજીભાઈ વાઘેલા,**
ઉ.વ.૩૮, ધંધો–મજુરી,
રહે. વડીયા રોડ, સરદારનગર સામે,
પાલીતાણા, જી.ભાવનગર.
હાલ : જિલ્લા જેલ, ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા– શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી પી.પી.જાડેજા.
સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર.

---

**<u>:: જજમેન્ટ ::</u>**

**(૧)** આ કામના અરજદાર/આરોપી તર્ફે સોનગઢ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૪૮૨૫૦૩૮૨/૨૦૨૫ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૦૯(૬) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગુન્હાના કામે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટે હાલની અરજી બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ કરેલ છે.

**(૨)** સદર જામીન અરજી સંદર્ભે સામાવાળાઓને નોટીસ કરતા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તપાસ કરનાર અમલદારના સોગંદનામા સાથે

હાજર થયેલ છે. ત્યારબાદ અરજી અનુસંધાને સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી તથા અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવી.

(૩) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે અને કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. અરજદાર/આરોપીએ કોઇ લુંટ કરેલ નથી કે ફરિયાદીને ઇજા પણ કરેલ નથી અને ફરિયાદમાં અરજદાર/આરોપીનું નામ નથી. અનડીટેકટ ગુન્હામાં ખોટી રીતે અરજદાર/આરોપીને સંડોવી દેવામાં આવેલ છે. અરજદાર/આરોપી પાસેથી કોઇ મુદ્દામાલ રીકવર કે ડીસ્કવર કરવામાં આવેલ નથી. સદર ગુન્હાના કામે તપાસ પૂર્ણ થઇ ગયેલ છે અને ચાર્જશીટ દાખલ કરી દેવામાં આવેલ છે. જેથી સાક્ષી પુરાવા સાથે ચેડા થવાનો કોઇ પ્રશ્ન નથી. અરજદાર/આરોપી સામે અગાઉ નોંધાયેલ ૧૯ ગુન્હાઓ પૈકી છ ગુન્હાઓની ટ્રાયલ પૂર્ણ થઇ ગયેલ છે. જેના ચુકાદાઓની નકલ આંક-૬ ના લીસ્ટથી રજુ કરેલ છે. અરજદાર/આરોપીને જામીન મુકત કરવાથી તપાસને કે ફરિયાદપક્ષના કેસને નુકશાન થાય તેમ નથી. અરજદાર/આરોપી સામે કોઇ પ્રથમદર્શનીય કેસ નથી. અરજદાર/આરોપી નાની ઉંમરના છે અને કુટુંબ કબીલાવાળા માણસ છે અને તેઓના કુટુંબની જવાબદારી તેઓ ઉપર છે. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે અને કયાંય નાસી ભાગી જાય તેમ નથી અને સહેલાઇથી મળી આવે તેમ છે. તેમજ નામ. કોર્ટ ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવાની બાંહેધરી આપે છે. તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ તેમની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ-૧૧૫(૨), ૩૫૧(૩), ૩૦૯(૬) તથા જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. અરજદાર/આરોપીને ઓળખ પરેડમાં ઓળખી બતાવેલ છે. રૂા.૪૫,૦૦૦/- માં મુદ્દામાલ વેચી નાખેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. અરજદાર/આરોપી સામે અગાઉ ૧૯ જેટલા ગુન્હાઓ નોંધાયેલ છે અને અરજદાર/આરોપી હેબીચ્યુઅલ ઓફેન્ડર છે. જો અરજદાર/આરોપીને

જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરી આ પ્રકારના ગુન્હા કરે અને ફરિયાદી તથા સાહેદોને ધાક ધમકી આપે અને પુરાવા સાથે ચેડા થવાની શકયતા છે. તેમજ ટ્રાયલ સમયે અરજદાર/આરોપીની હાજરી શકય જણાતી નથી. તે તમામ સંજોગોમાં અરજદાર/આરોપીની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૫) અરજી વંચાણે લીધી. તેમજ અરજદાર/આરોપી તરફે આંક–૩ તથા આંક–૦૬ થી રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા. ઉભયપક્ષની રજુઆતો ધ્યાને લીધી. આંક–૦૫ થી રજુ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લીધું. રેકર્ડ ધ્યાને લેતાં, અરજદાર/આરોપી સામે સોનગઢ પોલીસ સ્ટેશન ગુના રજી. નં.૧૧૧૯૮૦૪૮૨૫૦૩૮૨/૨૦૨૫ થી નોંધાયેલ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૧૧૫(૨), ૩૫૧(૩), ૩૦૯(૬) તથા જી.પી.એકટ કલમ–૧૩૫ મુજબના ગંભીર ગુન્હાના આક્ષેપો છે. ફરિયાદ હકીકત તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના અરજદાર/આરોપીએ ફરિયાદીને સિહોર ખાતેથી એકટીવામાં બેઠાડી વાણીયા કરીયાણુ તથા રોકડા રુપીયા ઘરડા માણસોને દાનમાં આપે છે તેવી વાતો કરી, સોનગઢ–પાલીતાણા રોડ ઉપર અવાવરુ જગ્યાએ લઈ જઈ, ધોલ થપાટનો માર મારી, કાનમાં પહેરેલ સોનાના ગજરા (ગોળાકાર) કાપ નંગ૦૨ ની લુંટ કરેલ હોવાના આક્ષેપો છે. તેમજ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં કોલમ નં.૩૫ માં કોર્ટમાં ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઈ છે. વધુમાં, હાલની જામીન અરજીના કામે અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા મુખ્યત્વે અરજદાર/આરોપીએ કોઈ ગુન્હો કરેલ નહીં હોવાની અને ખોટી રીતે સદર ગુન્હાના કામે સંડોવી દીધેલ હોવાની દલીલ કરવામાં આવેલ છે પરંતુ, તે પુરાવાનો વિષય હોય, હાલની જામીન અરજીના તબકકે તે અંગે વિશેષ કોઈ ચર્ચા કરવાનું ઉચિત જણાતુ નથી. વધુમાં, તપાસ કરનાર અમલદાર ધ્વારા સોગંદનામામાં કોલમ નં.૩૨ માં જણાવ્યા મુજબ આ કામના અરજદાર/આરોપી સામે અગાઉ કુલ ૧૭ ગુન્હાઓ નોંધાયેલ હોવાનું દર્શાવેલ છે. તેના સંદર્ભમાં અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા આંક–૬ ના

લીસ્ટથી કુલ છ કેસોના જજમેન્ટ રજુ કરેલ છે અને તે ગુન્હાઓની ટ્રાયલ પૂર્ણ થઇ ગયેલ હોવાની રજુઆત કરવામાં આવેલ છે. આમ, આ કામના અરજદાર/આરોપી ગંભીર ગુન્હાહિત ભુતકાળ ધરાવતા હોવાનું અને આ પ્રકારના ગુન્હા કરવાની ટેવવાળા હોવાનું જણાઇ છે. તે સંજોગોમાં, હાલના તબકકે જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીથી આ પ્રકારના ગુન્હા કરવા પ્રેરાય તથા ફરિયાદી તથા સાહેદોને ધાક ધમકી આપે અને પુરાવા સાથે ચેડા કરે તેવી શકયતા હોવાની વિ.એ.પી.પી.શ્રીની દલીલ હાલના તબકકે નકારી શકાય તેમ નથી. તેમજ અરજદાર/આરોપી નાસી ભાગી જાય તો તેઓની સામેના ગુન્હાની તપાસ તથા ટ્રાયલ વિલંબિત થાય તેમ છે. તે તમામ સંજોગોમાં, આ કામના અરજદાર/આરોપીનો સદર ગુન્હાના કામે રોલ, ગુન્હાની હકીકત તથા ગુન્હાનું સ્વરુપ અને ગુન્હાની ગંભીરતા તથા સજાની જોગવાઇ તથા અરજદાર/આરોપીનો ગંભીર ગુન્હાહિત ભુતકાળ તથા અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ ધ્યાને લેતાં, આરોપીને જામીન ઉપર મુકત કરવા સંદર્ભે બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ અન્વયેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ હાલના તબકકે આ કામના અરજદાર/આરોપીની તરફેણમાં કરવા માટેનો આ યોગ્ય કેસ હોવાનું જણાઇ આવતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) આ કામના અરજદાર/આરોપીની હાલની રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા માટેની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૧૩'મી માહે-માર્ચ, સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૧૩/૦૩/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
૩'જા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693